**ક્રિ. કેસ. નં.**

## <u>આંક–૧ લગત હુકમ</u>

**૧.** કેસનું રેકર્ડ વંચાણે લેઘુ. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

**૨.** આરોપી સામે નોંઘાયેલ ફરીયાદ આઘારે તપાસના અંતે ફરીયાદપક્ષે હાલનું ચાર્જશીટ રજુ કર્યા બાદ આરોપીને વાંરવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વઘુમાં આ કામે રેકર્ડ તપાસતા આરોપીને જામીન ઉપર મુકત કરવમાં આવેલ છે કેમ કે, જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી. આ કામ સમન્સ ટ્રાયેબલ પઘ્ઘતીથી ચલાવવાનું હોઈ, તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતા કેસ ઘણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી તેમજ ના.ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી/૨૯૧૭/૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ ને ઘ્યાને લેતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કિક અંત સુઘી જઈ શકાય તેમ નથી. કેસ રેકર્ડ જોતા આરોપી મળી શકે તેવી શકયતા જણાતી નથી. વઘુમાં **પ્રમોદ કુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો A.I.R. 2002, 1856** નો ચુકાદો ઘ્યાને લેતા, જે તે કોર્ટ જ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમ–૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદરહુ કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયીક જણાતો ન હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>::: હુ ક મ :::</u>

(૧) આ કામના આરોપીની સામે હાલના કેસની કાર્યવાહી બંઘ કરી (સ્ટોપ પ્રોસીડીંગ) આરોપીને આ કામે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી પાછળથી પકડાઈ આવે તો તેની ઉપર આ કામનું તહોમત મુકી કાર્યવાહી કરવા માટે ભારતીય ફોજદારી ઘારાની કલમ–૩૦૦(૫) મુજબની પરવાનગી આપવામાં આવે છે, જે માટે આ અદાલતની ફરીથી પરવાનગી જે–તે સમયે લેવાની જરૂર રહેશે નહીં.

(૩) જો આરોપી રોકડ રકમની જામીનગીરી ઉપર જામીન મુકત થયેલ હોય, તો રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) કોઈ કીંમતી મુદ્દામાલ હોય તો તે અંગે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. હુકમમાં કોઈ શરતો ફરમાવેલ હોય તો તે શરતો આથી રદ્દ કરવામાં આવે છે. જો મુદ્દામાલ અંગે કોઈ હુકમ થયો ન હોય તો તેના સાચા માલિકની તપાસ કરી જરૂરી ઈન્કવાયરી કરી, મુદ્દામાલ તેના સાચા માલિકને સુપ્રત કરવો.

(૫) વ્યાજબી સમયમાં મુદ્દામાલના સાચા માલિક સામે ન આવે તો સદર મુદ્દામાલ સરકાર ખાલસા કરવો અને તેની ઉપજ સરકાર ખાતે જમા કરાવવી.

હુકમ આજરોજ નામદાર વડી અદાલત દ્વારા નકકી કરવામાં આવેલ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૮/૦૩/૨૦૨૫.
**<u>સ્પેશીયલ સીટીંગ</u>**

(દિપક જેઠાભાઈ પરમાર)
ચોથા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૭, અમદાવાદ શહેર.
**(GJ00879)**

KGHOTWANI23/8-2/73